## સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

Accredited **Grade 'B'** by NACC

### કોલેજ શિક્ષકોની મતદારયાદી પ્રસિદ્ધ કરવા બાબત

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હાલની સેનેટ પર ચૂંટાયેલા સભ્યોની મુદત તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ પુરી થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૫ ની કલમ ૧૬ (૧) વર્ગ–૨ (એ) (iii) અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક કેન્દ્રોના શિક્ષકો માટે વિદ્યાશાખાવાર કુલ ૨૪ જગ્યા માટે તા.૨૩/૦૫/૨૦૨૨ થી અમલમાં આવનાર સેનેટના સભ્યપદ માટેની ચૂંટણી યોજવાનું નકકી કરવામાં આવેલ છે.

ઉપર્યુકત જગ્યાઓ માટેની ચૂંટણી માટેની મતદારયાદીઓ તૈયાર થયેલ છે. જે યુનિવર્સિટી કાર્યાલય પર જોવા મળી શકશે તથા જે શિક્ષકને પોતાના નોંધાયેલા નામમાં કોઈ ક્ષતી, ભૂલ જણાતી હોય તો તે અંગે સંસ્થાના વડાએ પોતાના હોદાની રૂએ તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૨, સોમવાર સુધીમાં પોતાની નોંધણીમાં સુધારો આધાર પુરાવા રજુ કરી કરાવી શકશે.

આ ઉપરાંત મતદાર યાદીમાં ક્ષતી, ભૂલ હોય અને સુધારો કરવો જરૂરી જણાતો હોય તો તે અંગેની વિગતે અરજી માન. કુલપતિશ્રીને સંબોધીને 'કુલસચિવશ્રી, સામાન્ય વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ' ને તા.૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં રૂબરૂ / ટપાલ દ્વારા મોકલી શકશે.

આદેશથી
Sd/-
કુલસચિવ